પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક : ૩૭ કુલ પાના : ૪ તારીખ : ૦૩-૧૦-૨૦૨૪ ગુરુવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## મોદીએ ગાંધીજયંતિના દિવસે હવે દેશભરમાં રૂા.૧૦ હજાર કરોડથી વધુના એક અમૃત સ્વચ્છતા અભિયાન આયોજનનો પ્રારંભ



નવીદિલ્હી

દેશમાં સ્વચ્છતા અભિયાનના દસ વર્ષ પૂરા થવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીજયંતિના દિવસે હવે દેશભરમાં રૂા.૧૦ હજાર કરોડથી વધુના એક અમૃત સ્વચ્છતા અભિયાન આયોજનનો પ્રારંભ કરતા જણાવ્યુ હતુ કે દેશના અનેક શહેરોમાં વોટર અને સીવેજ (ગંદા પાણી) ટ્રીટમેન્ટ પ્લાન બનાવવામા આવશે અને નમામી ગંગા સાથે જોડાયેલા પ્રોજેકટમાં કચરામાંથી ગોબર ગેસ અને બાયો ગેસ ઉત્પન્ન કરવાનુ મિશન પણ હાથ ધરવામા આવશે. તેમણે કહ્યુ કે દેશમાં સ્વચ્છતા અભિયાન જેટલુ સફળ થશે તેટલો જ આપણો દેશ ચમકશે.

આજે દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે વડાપ્રધાને આ યોજનાની આધારશિલા રાખી હતી અને કહ્યુ હતુ કે આપણે ગંદકીથી જેટલા નફરત કરશું તેટલા સ્વચ્છતા માટે મજબૂત બનશું. મોદીએ કહ્યું કે આજે ગાંધીજયંતિના દિવસે અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતિએ હું બંને મહાનુભાવોને શ્રધ્ધાપૂર્વક નમન કરૂ છું. જે ભારતનુ સ્વપ્ન મહાત્મા ગાંધી અને દેશની મહાન વિભૂતિએ જોયુ હતુ તે આપણે સૌ સાથે મળીને સાકાર કરીશું.

મોદીએ કહ્યું કે, ૧૦ વર્ષમાં સ્વચ્છતા પ્રત્યે આપણે ઘણુ અપનાવ્યુ છે. આજે દેશભરમાં લોકો તેમના નામ, શહેર, સોસાયટી, ફલેટમાં સ્વચ્છતાનો આગ્રહ રાખીરહ્યા છે અને આપણે તેને આદત બનાવી દેવાની છે. મિશન અમૃત હેઠળ રૂા.૧૦ હજારના પ્રોજેકટની શરૂઆત થઈ છે અને તે સફળ થશે તો ૧ હજારવર્ષ બાદ પણ આ એકવીસમી સદીના અભિયાનને યાદ કરાશે.

દેશનુ સ્વચ્છતા અભિયાન દેશનુ સૌથી મોટુ જનભાગીદારી, જનનેતૃત્વ અને જનઆંદોલન બની રહેશે. તેમણે કહ્યુ કે સ્વચ્છ ભારત મિશનથી દર વર્ષે ૬૦ થી ૭૦ હજાર બાળકોના જીવન બચી રહ્યા છે. આ અભ્યાસ આંતરરાષ્ટ્રીય ખાદ્ય નીતિ અનુસંધાન સંસ્થા, કેલીફોર્નિયા વિશ્ર્વવિદ્યાલય અને ઓહીયો સ્ટેટ યુનિવર્સિટી દ્વારા કરાયુ છે.

સ્વચ્છતાને કારણે ગ્રામીણ ક્ષેત્રના પરિવારોના રૂા.૫૦ હજાર બચી રહ્યા છે કારણ કે ગંદકીથી થતી બિમારી ઘટી છે. દેશમાં સ્વચ્છતા અભિયાનથી એક મોટુ મનોવૈજ્ઞાનિક પરિવર્તન આવ્યુ છે અને લોકોની વિચારવાની પધ્ધતિ પણ બદલાઈ છે.આજે ગાંધીજયંતિના દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાળાના વિદ્યાર્થીઓ સાથે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કર્યો હતો. મોદીએ કહ્યું કે આપણી આસપાસ સ્વચ્છતા બનાવી રાખીએ જે પૂરા દેશને સ્વચ્છ રાખશે.કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા પખવાડિયામાં દેશભરમાં કરોડો લોકોએ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમોમાં ભાગ લીધો છે. મને જાણ કરવામાં આવી છે કે 'સેવા પખવાડા'ના ૧૫ દિવસમાં દેશભરમાં ૨૭ લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૮ કરોડથી વધુ લોકોએ ભાગ લીધો હતો. સતત પ્રયત્નોથી જ આપણે આપણા ભારતને સ્વચ્છ બનાવી શકીશું. હું દરેક ભારતીયનો આભાર વ્યકત કરું છું.કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આજે આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર, સ્વચ્છતા સંબંધિત લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ પણ શરૂ કરવામાં આવ્યા છે. મિશન અમૃત અંતર્ગત દેશના અનેક શહેરોમાં વોટર અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. નમામિ ગંગે સંબંધિત કામ હોય કે કચરામાંથી બાયોગેસ બનાવતા ગોબરધન પ્લાન્ટ, આ કામ સ્વચ્છ ભારત મિશનને નવી ઊંચાઈએ લઈ જશે. સ્વચ્છ ભારત મિશન જેટલું સફળ થશે તેટલો જ આપણો દેશ ચમકશે. પીએમ મોદીએ સ્વચ્છતા મિશનમાં ભાગ લેનાર સ્વચ્છતા કાર્યકરો, ધાર્મિક નેતાઓ, રમતવીરો, સેલિબ્રિટીઓ, એનજીઓ સહિત તમામ લોકોની પ્રશંસા કરી હતી.સીએમ ભુપેન્દ્ર પટેલે સ્વચ્છતા એ જ પ્રભુસેવા જણાવતા પોરબંદરની છાયા નગરપાલિકામાં શ્રમદાન કર્યુ હતુ. તેમણે પોતે ઝાડુથી કચરો વાળીને બધાને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. તેની સાથે તેમણે જણાવ્યું હતું કે ગાંધીજીએ લોકોને સ્વરાજ્યની સાથે સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ મહાત્મા ગાંધીની જન્મ જયંતી એ પોરબંદરના સુદામા મંદિર પરિસરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈશ્રમદાનમાં સહભાગી થયા હતા તેઓની સાથે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા સહિતના મહાનુભાવો સહભાગી થયા હતા.આ પહેલાં સીએમ ભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તો પૂજ્ય બાપુના જન્મ સ્થળ પોરબંદર કીર્તિ મંદિર ખાતે પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સર્વધર્મ પ્રાર્થનામાં પણ તેઓ સહભાગી થયા હતા.

## ઉત્તર ભારતમાં શિયાળો તીવ્ર બની શકે છે,જે અરાજકતા સર્જી શકે છે.



નવીદિલ્હી

ઉનાળુ ચોમાસું સામાન્ય કરતાં લગભગ ૮% વધુ વરસાદ નોંધ્યા પછી 'સામાન્ય ઉપર' શ્રેણીમાં સમાપ્ત થયું. એવો અંદાજ છે કે ઓક્ટોબરના મધ્ય સુધીમાં ચોમાસું દેશમાંથી સંપૂર્ણપણે વિદાય લે તેવી શક્યતા છે અને તે જ સમયે (૧૭ ઓક્ટોબર સુધીમાં) દક્ષિણ-પૂર્વીય દ્વીપકલ્પમાં શિયાળુ ચોમાસું શરૂ થશે.આઈએમડીએ આ અંગે ચેતવણી જાહેર કરી છે. તેમના મતે, તે ઉત્તર ભારતમાં, ખાસ કરીને ઉત્તર-પશ્ચિમ ભારતમાં દિલ્હી-એનસીઆર અને આસપાસના મધ્ય પ્રદેશમાં તીવ્ર શિયાળાની શક્યતા પણ દર્શાવે છે, કારણ કે ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન લા નીનાની સ્થિતિ અપેક્ષિત છે.

લા નીના એ કુદરતી આબોહવાની ઘટનાનો એક ભાગ છે જેને અલ નીનો સધર્ન ઓસિલેશન કહેવાય છે. તેના બે વિરોધી તબક્કાઓ છે, અલ નીનો અને લા નીના, જે બંને વૈશ્વિક હવામાનમાં નોંધપાત્ર ફેરફાર કરે છે. લા નીના એ મધ્ય અને પૂર્વ-મધ્ય વિષુવવૃત્તીય પેસિફિકમાં સમુદ્રની સપાટીના તાપમાનના સામયિક ઠંડક સાથે સંકળાયેલ આબોહવાની ઘટના છે. જો કે તે ભારતીય ઉપખંડમાં સારા ચોમાસાના વરસાદ સાથે સંકળાયેલું છે, તે વિવિધ વૈશ્વિક મોડેલો દ્વારા આગાહીઓ છતાં દક્ષિણપશ્ચિમ (ઉનાળા) ચોમાસાના મહિનાઓમાં ગેરહાજર રહે છે. જેના કારણે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ વખતે ઠંડી વધુ પડવાની છે.

લા નીના એ હવામાનની પેટર્ન છે જે વિષુવવૃત્તીય પેસિફિકમાં દરિયાની સપાટીના સરેરાશ તાપમાન કરતાં વધુ ઠંડીનું કારણ બને છે. તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને વરસાદની અપેક્ષા વધી રહી છે. આ પેટર્ન સામાન્ય રીતે એપ્રિલ અને જૂન વચ્ચે શરૂ થાય છે. આ સ્થિતિ મજબૂત પૂર્વીય પવનો દ્વારા બનાવવામાં આવી છે, જે સમુદ્રના પાણીને પશ્ચિમ તરફ ધકેલવામાં આવે છે, જેના કારણે સમુદ્રની સપાટી ઠંડી પડે છે. આ પેટર્ન સમગ્ર વિશ્વમાં હવામાનને અસર કરી શકે છે.લા નીના દરમિયાન, પેસિફિક મહાસાગરના મધ્ય અને પૂર્વીય ભાગોમાં સમુદ્રનું તાપમાન સામાન્ય કરતાં ઠંડુ હોય છે, જેના કારણે વાતાવરણીય દબાણ અને પવનમાં ફેરફાર થાય છે. આ ફેરફાર હવામાનની પેટર્નમાં ફેરફાર કરે છે, જેના કારણે ઘણી સમસ્યાઓ આવી શકે છે. જેમઃ-

૧. દુષ્કાળ અને જળ સંકટ

૨. ભારે વરસાદ અને પૂર (કેટલાક વિસ્તારોમાં)

૩. તાપમાનમાં ફેરફાર

૪. તોફાનો અને ચક્રવાતોની ઓછી સંખ્યા

૫. કૃષિ અને ખાદ્ય ઉત્પાદન પર અસર

આઈએમડીના વડા મૃત્યુંજય મહાપાત્રાના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન લા નીનાની સ્થિતિ વિકસિત થવાની ૭૧% શક્યતા છે. જ્યારે લા નીના થાય છે ત્યારે દેશના ઉત્તર ભાગમાં, ખાસ કરીને ઉત્તરપશ્ચિમ ભારત અને અડીને આવેલા મધ્ય પ્રદેશમાં તાપમાન સામાન્ય કરતાં ઓછું (સામાન્ય કરતાં ઠંડું) હોય છે. તેથી, શિયાળાના મહિનાઓમાં શીત લહેરોની સ્થિતિ આવી શકે છે. જો કે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેની ગંભીરતા પછીથી જ ખબર પડશે કારણ કે લા નીનાની સ્થિતિ હજુ પણ નબળી છે અને હવામાન વિભાગે જાન્યુઆરી અથવા ફેબ્રુઆરીમાં તે કેટલું મજબૂત રહેશે તે જોવું પડશે.

## ટ્રિલિયન ડોલરનું ડિજિટલ અર્થતંત્ર બનશે; ઈન્ટરનેટ, ૪જી અને ૫જીનો લાભ મળશે



નવીદિલ્હી,

સરકારની ડિજિટલ પહેલો સાથે, ભારતની નાણાકીય ઈકોસિસ્ટમમાં વર્ષોથી એક મોટું પરિવર્તન આવ્યું છે. આસ્ક કેપિટલના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે ભારત ૨૦૨૮ સુધીમાં ૧ ટ્રિલિયન યુએસ ડોલરની ડિજિટલ અર્થવ્યવસ્થા બનવાની તૈયારીમાં છે, જેમાં ઈન્ટરનેટનો ઊંડો પ્રવેશ, કાર્યક્ષમ અને સસ્તું ૪ર અને ૫ર સેવાઓ અને ડિજિટલ ક્ષેત્રમાં સરકારી પહેલ છે.

યુપીઆઈ જેવી સ્વદેશી તકનીકી નવીનતાઓથી લાભ મેળવતા ભારત વાસ્તવિક સમયની ચૂકવણી (ડિજિટલ ચૂકવણી)નું વૈશ્વિક ઉદાહરણ બની ગયું છે. ભારતનું ડિજિટલ પરિવર્તન આર્થિક વૃદ્ધિ માટે ગેમ ચેન્જર સાબિત થશે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય અર્થવ્યવસ્થાના ડિજિટલાઈઝેશનની સાથે સ્માર્ટફોનના વધતા ઉપયોગને કારણે કેશલેસ વ્યવહારો અને ઓનલાઈન શોપિંગ થઈ રહ્યું છે.

ઈન્ડિયન કાઉન્સિલ ફોર ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન્સ રિસર્ચ અનુસાર, ડિજિટલ કૌશલ્ય પર ભારતનો સ્કોર ડિજિટલાઈઝેશનના એકંદર સ્તરના સંદર્ભમાં જાપાન, યુનાઈટેડ કિંગડમ અને જર્મની જેવા વિકસિત દેશોને પાછળ છોડી ગયો છે. પ્રધાનમંત્રી જન ધન યોજના અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર જેવી સરકારી પહેલોએ દેશમાં સાર્વત્રિક પહોંચ અને નાણાકીય સમાવેશને વધારવામાં મદદ કરી છે. મોબાઈલ અને બ્રોડબેન્ડના પ્રવેશમાં વધારો નાણાકીય સમાવેશને વધુ ગાઢ બનાવશે અને નવી ડિજિટલ સેવાઓને પ્રોત્સાહન આપશે.

ભારતમાં ડિજિટલ મનોરંજન, ઓનલાઈન શિક્ષણ, ટેલિ-મેડિસિન, ડિજિટલ હેલ્થ, ડિઝાસ્ટર રિસ્પોન્સ અને લાઈફ સેવિંગ સેવાઓ ભારતમાં વધુ સારી મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓનો લાભ લઈ રહી છે. સસ્તું ડેટા, સ્માર્ટફોન વપરાશકર્તાઓની વધતી સંખ્યા અને ઈ-કોમર્સમાં વૃદ્ધિ ભારતના ડિજિટલ પરિવર્તનને આગળ ધપાવે છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં, ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડેટા દર્શાવે છે કે ભારતમાં લગભગ ૧૨૦ કરોડ ટેલિકોમ ગ્રાહકો છે. ઈન્ટરનેટ સબ્સ્ક્રાઈબર્સની કુલ સંખ્યા માર્ચ ૨૦૨૩માં ૮૮૧ કરોડથી વધીને માર્ચ ૨૦૨૪ના અંત સુધીમાં ૯૫૪ કરોડ થવાની ધારણા છે, જેમાંથી લગભગ અડધા ગ્રામીણ વિસ્તારોમાંથી છે. છેલ્લા એક વર્ષમાં ૭.૩ કરોડથી વધુ ઈન્ટરનેટ ગ્રાહકો અને ૭.૭ કરોડથી વધુ બ્રોડબેન્ડ ગ્રાહકો જોડાયા છે.

## 'મુસ્લિમ પુરુષો કરી રહ્યાં છે લવ જેહાદ', કોર્ટે પહેલી વાર ફટકારી આજીવન કારાવાસની સજા



લખનૌ,

ઉત્તર પ્રદેશના બરેલીની એક કોર્ટે એક મુસ્લિમ યુવકને લવ જેહાદના આરોપમાં આજીવન કેદની સજા ફટકારી છે. દેશમાં પહેલી વાર લવ જેહાદના કેસમાં આજીવન કારાવાસની સજા થઈ છે. એડિશનલ સેશન્સ જજ રવિ કુમાર દિવાકરે કહ્યું કે લવ જેહાદ હેઠળ મુસ્લિમ પુરુષો સંપૂર્ણ પ્લાનિંગ સાથે હિન્દુ મહિલાઓને નિશાન બનાવી રહ્યા છે. તેમની સામે, તેઓ પ્રેમના ઢોંગમાં લગ્ન કરે છે અને પછી તેઓ ઈસ્લામ અંગીકાર કરવાની ફરજ પાડે છે.

આ કેસમાં આરોપી મોહમ્મદ આલીમે પીડિતાને તેનું નામ આનંદ જણાવ્યું હતું. ત્યારબાદ તેણે તેની સાથે પ્રેમનું નાટક કરીને તેની સાથે લગ્ન કરી લીધાં હતા અને પછી રેપ કર્યો હતો. આ દરમિયાન તેના ફોટોગ્રાફ્સ અને વીડિયો પણ ઉતારી લીધાં હતા અને રેકોર્ડ વીડિયોને આધારે તેણી પર અનેક વાર બળાત્કાર કર્યો હતો.

જજ રવિ કુમાર દિવાકરે કહ્યું કે લવ જેહાદનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં પોતાની સત્તા સ્થાપિત કરવાનો છે. તેની પાછળ આંતરરાષ્ટ્રીય ષડયંત્ર છે અને તેમાં ચોક્કસ ધર્મના અરાજકતાવાદી તત્વો સામેલ છે.

કોર્ટે કહ્યું, 'સરળ શબ્દોમાં કહીએ તો, લવ જેહાદ એક પ્રથા છે જે મુસ્લિમ પુરુષો બિન-મુસ્લિમ મહિલાઓ વિરુદ્ધ કરે છે. આ અંતર્ગત તેઓ પ્રેમનું નાટક કરીને લગ્ન કરે છે. એક જ ધર્મના કેટલાક અરાજકતાવાદી તત્વો આમાં સામેલ છે. લવ જેહાદમાં વિદેશી ફંડિંગને પણ નકારી શકાય નહીં.

જસ્ટીસે કહ્યું કે કોઈને પણ બળજબરીથી ધર્મ પરિવર્તનનો અધિકાર ન આપી શકાય. જો કોઈનું ગેરકાયદેસર રીતે ધર્માંતરણ થાય અને આ માટે બળનો ઉપયોગ કરવામાં આવે છે, જૂઠું બોલવામાં આવે છે, લાલચ આપવામાં આવે છે અથવા છેતરપિંડી કરવામાં આવે છે, તો ઉત્તર પ્રદેશ ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ પગલાં ભરી શકાય છે.જો ભારત સરકાર સમયસર લવ જેહાદ હેઠળ આવા ગેરકાયદે ધર્માંતરણને રોકવામાં સક્ષમ નહીં હોય તો ભવિષ્યમાં દેશને તેના પરિણામો ભોગવવા પડશે. આ મામલાને ગંભીરતાથી ન લઈ શકાય કારણ કે તે દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે ખતરો છે.

## પશ્ચિમ બંગાળના પરપ્રાંતિય મજૂરનું ચેન્નાઈમાં 'ભૂખ'થી મૃત્યુ, રાજ્યપાલે બેનર્જીની ટીકા કરી



કોલકાતા

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે ફરી એકવાર મુખ્યમંત્રી મમતા બેનર્જીની ટીકા કરી છે. આનંદ બોઝે બુધવારે ચેન્નાઈમાં રાજ્યના એક સ્થળાંતર કામદારના કથિત ભૂખમરાને કારણે મૃત્યુ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને મુખ્ય પ્રધાન મમતા બેનર્જીની ટીકા કરતાં કહ્યું હતું કે તેમના "બંધારણીય સાથીદારો લોકોના જીવન સાથે રમી રહ્યા છે."

બોસે આ ટિપ્પણી સોમવારે તમિલનાડુની રાજધાનીમાં 'ભૂખ'ના કારણે પૂર્વ મેદિનીપુર જિલ્લાના એક પરપ્રાંતિય મજૂરના મૃત્યુને પગલે કરી હતી. તેમણે રાજ્યમાં પરપ્રાંતિય કામદારોની દુર્દશા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી જેમને આજીવિકાની શોધમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

રાજ્યપાલે પૂછ્યું કે શું મમતા બેનર્જી ગાંધીજીના પ્રિય દરિદ્ર નારાયણની આ રીતે સંભાળ રાખે છે? ભગવાન દરેકને શાંતિ આપે.'' સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરમાં ઘણા સ્થળાંતર કામદારો નોકરીની શોધમાં ચેન્નાઈ ગયા હતા પરંતુ તેમને કોઈ નોકરી મળી ન હતી. તેમણે આરોપ લગાવ્યો કે આ કામદારો 'ભૂખ્યા' અને દયનીય હાલતમાં મળી આવ્યા હતા, જેમાંથી કેટલાકને ચેન્નાઈ રેલ્વે સ્ટેશનથી બેભાન અવસ્થામાં બચાવી લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ વાતની પુષ્ટિ હોસ્પિટલમાં પણ કરવામાં આવી છે જ્યાં પાંચ મજૂરોને દાખલ કરવામાં આવ્યા હતા.

જેમાંથી ત્રણની હાલત નાજુક છે. તેમણે કહ્યું કે એક કામદાર સમર ખાનનું ૩૦ સપ્ટેમ્બરે મૃત્યુ થયું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે ખાનના મૃતદેહને પૂર્વ મેદિનીપુર જિલ્લામાં મોકલવામાં આવી રહ્યો છે જ્યારે અન્ય ચાર હોસ્પિટલમાં દાખલ છે, જેમાંથી એકની હાલત ગંભીર છે. બોસે કહ્યું કે રાજ્ય સરકારે સ્થળાંતર કામદારોની દુર્દશા માટે "સંવેદનશીલ અને પ્રતિભાવશીલ" હોવું જોઈએ. બોઝ કેરળમાં હતા અને ઘટના બાદ તેઓ ચેન્નાઈ ગયા અને હોસ્પિટલોમાં દાખલ અને આશ્રય ગૃહોમાં રહેતા લોકોની મદદ માટે અધિકારીઓને પણ મોકલ્યા. બોસે રાજ્ય સરકારને સ્થળાંતર કામદારોની મદદ માટે અસરકારક પગલાં ભરવા વિનંતી કરી છે.

## શ્રમ વિભાગ રાજ્યના ૨૪ જિલ્લામાં ગરીબ બાળકો માટે શાળાઓ ખોલશે,હેમંત સારેન



રાંચી

ઝારખંડમાં આગામી થોડા દિવસોમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. એક તરફ તમામ રાજકીય પક્ષો આ અંગે પોતપોતાની તૈયારીઓ કરી રહ્યા છે. તે જ સમયે, ઘણી સરકારી યોજનાઓનું ઉદ્ઘાટન કરવામાં આવી રહ્યું છે અને શાસક પક્ષ ઝારખંડ મુક્તિ મોરચાના નેતા અને રાજ્યના મુખ્યમંત્રી હેમંત સોરેન દ્વારા શિલાન્યાસ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં આજે ધનબાદની મુલાકાતે ગયેલા સીએમ હેમંત સોરેને એક મોટી જાહેરાત કરી છે.

સીએમ હેમંત સોરેને કહ્યું કે રાજ્યના શ્રમ વિભાગ આવતા વર્ષથી ૨૪ જિલ્લાઓમાં ગરીબ બાળકો માટે શાળાઓ ખોલવાનું કામ શરૂ કરશે. ધનબાદ જિલ્લામાં એક સરકારી કાર્યક્રમને સંબોધતા, સીએમ સોરેને એમ પણ કહ્યું કે ઝારખંડમાં મોડલ સ્કૂલની સંખ્યા વર્તમાન ૮૦ થી વધીને ૫,૦૦૦ થશે, જેથી ગરીબ બાળકો ખાનગી શાળાના વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરી શકે.

આ કાર્યક્રમમાં, મુખ્યમંત્રીએ લગભગ ૩૬,૯૯૬ યુવાનોને ઓફર લેટર્સનું વિતરણ કર્યું હતું જેઓ અનેક રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓમાં ભરતી થયા હતા. સીએમ સોરેને કૌશલ્ય સંપાદન માટે બ્લોક-સ્તરની સંસ્થાઓ હેઠળ તાલીમ લઈ રહેલા યુવાનોના ખાતામાં મુસાફરી અને બેરોજગારી ભથ્થાં પણ ટ્રાન્સફર કર્યા. આ ઉપરાંત, મુખ્યમંત્રીએ ધનબાદ જિલ્લા માટે આશરે રૂ. ૧૭૮.૧૨ કરોડના ૨૧૭ પ્રોજેક્ટનું અનાવરણ કર્યું.

સોરેને જણાવ્યું હતું કે શ્રમ વિભાગ દ્વારા રોજગાર મેળવતા પહેલા યુવાનો અનેક શાળાઓમાં શિક્ષણ મેળવે છે. પરંતુ, હવે ૨૪ જિલ્લામાં 'શ્રમ આવાસ વિદ્યાલય' (વિભાગ નિવાસી શાળાઓ) ખોલવામાં આવશે. સીએમએ વધુમાં જણાવ્યું હતું કે ગરીબ બાળકોને ત્યાં મફતમાં અભ્યાસ કરવાનો મોકો મળશે. અમે આવતા વર્ષથી આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરીશું.

નિમણૂક પત્રો મેળવનાર યુવાનોને સંબોધતા મુખ્યમંત્રી સોરેને કહ્યું કે, તમે બધાને શ્રમ વિભાગના સરકારી તાલીમ કેન્દ્રોમાં તાલીમ આપવામાં આવી છે અને તમને તમારી કુશળતા મુજબ નોકરીઓ મળી છે. પરંતુ, તમારી દોડ અહીં અટકવી ન જોઈએ. તમે તમારું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકો છો. તે તમારા અને તમારા લક્ષ્યો પર આધાર રાખે છે.

## આજથી સમગ્ર ગુજરાતમાં ક્વોરી માલિકોની હડતાળ, સરકારને રોજનો રૂ. ૭૫ લાખનો ફટકો



અમદાવાદ

સમગ્ર ગુજરાતમાં ખાણ પ્લાન્ટ આજથી બંધ છે. જેમાં ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી એસોસિએશનનો નિર્ણય છે. ૮૦ ટકા ખાણો બંધ થવાના ભયને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. વડોદરા, પંચમહાલ, ખેડાની કુલ ૧૨૫ ખાણો બંધ કરવામાં આવી છે. ગત રાત્રિથી હજારો ડમ્પરોના પૈડા થંભી ગયા છે. મધ્ય ગુજરાતના ખાણ સંચાલકો અરજી કરશે.

ગુજરાત બ્લેક સ્ટોન માઈન્સ એસોસિએશન દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ ગુજરાતના બ્લેક સ્ટોન માઈન પ્લાન્ટ આજથી બંધ રહેશે. જેમાં મધ્ય ગુજરાતના વડોદરા, પંચમહાલ અને ખેડા જિલ્લાનો ક્વોરી ઉદ્યોગ બંધ થઈ ગયો છે. આવી સ્થિતિમાં ગઈકાલે મધરાતથી હજારો ડમ્પરોના પૈડા થંભી ગયા છે. કાવોરી ઉત્પાદનો વહન કરતા ડમ્પરોની કામગીરી બંધ થવાથી રસ્તાઓ નિર્જન બની ગયા છે.આવતીકાલે મધ્ય ગુજરાતના કાવોરી સંચાલકો પોતપોતાના જિલ્લાઓમાં કલેક્ટરને આવેદનપત્ર આપશે. તેમજ વડોદરા, પંચમહાલ અને ખેડા જિલ્લામાં કુલ ૧૨૫ ખાણો બંધ કરવામાં આવી છે. માત્ર મધ્ય ગુજરાતમાંથી જ રાજ્ય સરકારને રોજની રૂ. ૭૫ લાખની રોયલ્ટી ચૂકવવામાં આવતી હોવાથી તેના બંધ થવાથી સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. ઉપરાંત મજૂર પરિવારોની આજીવિકાનો પ્રશ્ન પણ ઉભો થયો છે. કારણ કે કાવોરી ઉદ્યોગ અચોક્કસ મુદતની હડતાળ પર છે. વધુમાં, એવો ભય છે કે ક્વોરીના ઉત્પાદન વિના, કેટલાક સરકારી વિકાસ કાર્યો અટકી જશે.

## નેપાળમાં પૂરમાં ૨૨૪ લોકોના મોત,ચાર હજારથી વધુ લોકોને બચાવ્યા,વડાપ્રધાન ઓલી



કાઠમાંડૂ

નેપાળમાં પૂરમાં મોટી જાનહાનિ થઈ છે. પૂરના કારણે દેશમાં ૨૨૪ લોકોના મોત થયા છે. નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ કહ્યું કે વરસાદના કારણે પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત ચાર હજારથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે ૨૪ લોકો ગુમ છે. તેમણે કહ્યું કે સરકારે કુદરતી આપત્તિ દરમિયાન તેની સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કર્યું.

નેપાળના મુખ્ય સચિવ એક નારાયણ આર્યાલે જણાવ્યું કે પૂરમાં ઓછામાં ઓછા ૨૨૪ લોકોએ જીવ ગુમાવ્યા અને ૨૪ લોકો ગુમ થયા. જ્યારે ૧૫૮ લોકો ઘાયલ થયા છે. ગૃહ મંત્રાલયના પ્રવકતા ઋષિરામ તિવારીએ જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં વિદેશી ટ્રેકર્સ સહિત લગભગ ૯૦૦ લોકોને હેલિકોપ્ટર દ્વારા વિવિધ પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી બચાવી લેવામાં આવ્યા છે. નેપાળ આર્મીના હેલિકોપ્ટરે ૬૮૩ લોકોને બચાવ્યા. બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે.

પ્રવકતા તિવારીએ કહ્યું કે કાઠમંડુ ખીણમાં પૂરને કારણે સૌથી વધુ નુકસાન થયું છે. અહીં મૃત્યુઆંક ૫૦ને વટાવી ગયો છે. નેપાળ આર્મી, સશસ્ત્ર પોલીસ દળો અને નેપાળ પોલીસ સહિત ૨૦,૦૦૦ થી વધુ સુરક્ષા કર્મચારીઓને શોધ, બચાવ અને રાહત વિતરણના તમામ પ્રયાસો માટે તૈનાત કરવામાં આવ્યા છે. ઘાયલોની વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં સારવાર ચાલી રહી છે.

તેમણે કહ્યું કે અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક રાહત સામગ્રી આપવામાં આવી રહી છે. સરકારે શોધ, બચાવ અને રાહત વિતરણને પ્રાથમિકતા આપી છે. અવરોધિત રસ્તાઓને ફરીથી ખોલવાના પ્રયાસો હાલમાં ચાલુ છે. પૂર અને ભૂસ્ખલનને કારણે નેપાળના ઘણા ભાગોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ઘણા હાઈવે અને રસ્તાઓને નુકસાન થયું હતું. સેંકડો ઘરો અને પુલો દટાઈ ગયા અથવા ધોવાઈ ગયા. પૂર અને ભૂસ્ખલનને કારણે કાઠમંડુ તરફનો રસ્તો બંધ થઈ ગયો હતો. હજારો લોકો ફસાઈ ગયા. હવે વરસાદ થોડો અટક્યો છે.

# બાલાસિનોર પ્રજાપતિ સમાજમાં માટીના ગરબાની તૈયારીઓ હાલ પૂરજોશમાં

બાલાસિનોર,

બાલાસિનોર નગરમાં એક પ્રજાપતિ સમાજમાં નવરાત્રીના દિવસો નજીક આવી રહ્યા છે. તેમ તેમ પ્રજાપતિ સમાજમાં એક માટીના ગરબાઓની વિશેષ મહત્વ રહેલું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ત્યારે પ્રજાપતિ સમાજમાં રાજપૂરી દરવાજા ખાતે પ્રજાપતિ સમાજ દ્વારા ગરબાની તૈયારીઓ હાલતો પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે પ્રજાપતિ સમાજમાં અવનવા રંગબેરંગી ગરબાઓની અનોખી તૈયારીઓ જોવા મળે છે. વિવિધ કલર પેઈન્ટિંગ કરી એકસો એક રૂપિયાથી



માંડીને ચર્શો એક પાંચસો એક સુધીના માતાજીના ગરબાઓનુ વેચાણ કરીએ છીએ નિશાબેન પ્રજાપતિ પ્રજાપતિ સમાજમાં માટીના ગરબાનોની કામગીરી હાલ તો વિવિધ પ્રકારના રંગબેરંગી ગરબાઓની કામગીરી કરતા તસ્વીરમા નજરે જોવા મળે છે. ત્યારે વિવિધ પ્રકારના ગરબાઓ કલાત્મક રીતે શણગારેલા પણ જોવા મળે છે.તેમજ દિવાળીનો તહેવાર નજીક આવતા પ્રજાપતિ સમાજમાં એક માટીના કોડીયા સહીતની કામગીરી વધુ જોવા મળતી હોય છે.ત્યારે આદ્યશક્તિમાં મો નો પર્વ એટલે નવરાત્રીનું એક મહત્વ રહેલું હોય છે.ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ગામડે ગામડે આ નવરાત્રિ પર્વની ઉજવણી ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.આમ બાલાસિનોર નગર માં રજપુરી દરવાજા વિસ્તારમાં આવેલા પ્રજાપતિ સમાજમાં નવરાત્રી મહોત્સવ નજીક આવતા વિવિધ ગરબાઓની હાલ તડામાર તૈયારીઓ પૂરજોશમાં જોવા મળે છે

# શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી

મહીસાગર,

મહીસાગર જિલ્લાના મોટા સોનેલા ગામના ડો. આંબેડકર ભવન ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી અને સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી.



આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીએ સંદેશો આપ્યો હતો કે મારુ જીવન એજ મારો સંદેશો છે ત્યારે દરેક લોકોએ મહાત્મા ગાંધીજીએ કામોને યાદ કરી તેને જીવનમાં ઉતારવા જોઈએ. ગાંધીજીએ સ્વચ્છતા ત્યાં પ્રભુતાનું સૂત્ર આપ્યું છે ત્યારે દરેક નાગરિકે પોતાના ઘરની સાથે શેરી,ગામ,રોડ,રસ્તા સ્વચ્છ રાખીશું તો આખો દેશ આપોઆપ સ્વચ્છ થઈ જશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, મારુ ભારત સ્વચ્છ હશે તો દરેક નાગરિક સ્વસ્થ રહેશે. જેમ આપણે ઘરની અંદર સ્વચ્છતા રાખીએ છીએ તેમ બહાર પણ પ્લાસ્ટિક કે અન્ય કચરો ફેલાવો ના જોઈએ અને સ્વચ્છ ભારતનું નિર્માણ કરવું જોઈએ સાથે એક પેડ માં કે નામ અભિયાનમાં જોડાઈ દરેક લોકોએ વૃક્ષ વાવી તેનું જતન કરવા અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સ્વચ્છતા પ્રત્યે શ્રેષ્ઠ કામગીરી કરનાર સફાઇ કર્મચારીઓનું પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. આ ઉપરાંત લાંબી પદયાત્રા કરનાર કે જેઓનું નામ લયક્ષશીતયત બજ્ઞજ્ઞસ જ્ઞહિમ યિભજ્ઞમિ વજ્ઞહમયનિા ૪ સદસ્યોનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. નાટ્ય કલાકારો અને શાળાના બાળકો દ્વારા સ્વચ્છતાનો સંદેશો આપતો નાટ્ય રજૂ કરવામાં આવ્યું હતું. અહીં ઉપસ્થિત સૌ લોકોએ દિલ્હીથી પ્રસારિત વડાપ્રધાન નરેદ્રભાઈ મોદીનો જીવંત કાર્યક્રમ પણ નિહાળ્યો હતો. કાર્યક્રમ બાદ 'એક પેડ, માં કે નામ' કાર્યક્રમ અંતર્ગત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામા આવ્યુ હતુ. કાર્યક્રમ બાદ લુણાવાડા ગાંધી કુટીર ખાતે શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમમાં જિલ્લા કલેકટર નેહા કુમારી, જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલ, નિવાસી અધિક કલેક્ટર સી વી લટા, પ્રયોજન વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોર,લુણાવાડા પ્રાંત અધિકારી આનંદ પાટિલ, તાલુકા પંચાયત પ્રમુખ,અગ્રણીઓ, સંકલનના તમામ અધિકારીઓ, સફાઇ કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા છે.

# સ્વચ્છ ભારત દિવસ નિમિત્તે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર અને ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી

મહીસાગર,

સ્વચ્છ ભારત દિવસ નિમિત્તે આજ રોજ મહીસાગર જિલ્લાના લુણાવાડા ચાર કોસિયા નાકા ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર, જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, જિલ્લા કલેકટર નેહા કુમારી અને જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલે શ્રમદાન કરી સ્વચ્છતા પ્રત્યે સંદેશો આપ્યો હતો. શ્રમદાન કર્યા બાદ દુકાનદારોને તેમની દુકાનો સામે સ્વચ્છતા રાખવા અપીલ કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર અને ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા પ્રત્યે સંદેશો પ્રસરાવતી રેલીની લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. આ રેલીમાં સ્વચ્છતા કર્મીઓ, વિદ્યાર્થીઓ અને નગરજનો જોડાયા હતા અને સ્વચ્છતા પ્રત્યે વિવિધ બેનરો અને સ્લોગન સાથે સ્વચ્છતાનો સંદેશો આપ્યો હતો. આ શ્રમદાન કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર સી વી લટા, પ્રયોજન વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોર,લુણાવાડા પ્રાંત અધિકારી આનંદ પાટિલ, અગ્રણીઓ, સંકલનના તમામ અધિકારીઓ જોડાઈ શ્રમદાન કર્યું હતું.

# લુણાવાડા પાલિકા દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા યોજી

લુણાવાડા,

ભારત સરકાર દ્વારા ૨જી ઓકટો.ના રોજ મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તા.૧૭ સપ્ટે.થી સ્વચ્છતાં હી સેવા પખવાડિયા તરીકે ઉજવવાનુ નકકી કરેલ છે. જે ઉજવણી અંતર્ગત લુણાવાડા પાલિકા દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કન્યા શાળા, સરદાર પટેલ વિદ્યાલય અને કિશાન વિદ્યાલયના બાળકોએ ભાગ લીધો હતો. આ તમામ બાળકોએ સ્વચ્છતાંનો સંદેશો આપતી વિવિધ કૃતિઓ બનાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં એનજીઓ ટીમના ભરતભાઈ ભોઈ દ્વારા માર્ગદર્શન આપ્યુ હતુ.

# ઝાલોદ નગર સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું

ઝાલોદ,

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ ઝાલોદ નગર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન દ્વારા રામસાગર તળાવ કિનારે આવેલ રામેશ્વર મહાદેવ મંદિરની બહાર તળાવની પાળ થી જતા માર્ગની સાફ સફાઈ કરી સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ ઝાલોદનગર સંયોજક દેવ પીઠાયા અને તાલુકા સંયોજક અભયભાઈ ભાટિયા ,મનીષભાઈ પંચાલ તેમજ અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલ, ખેડા અને વડોદરાના ૨૫૦ કવોરી પ્લાન્ટના માલિકોની હડતાળથી ૩ કરોડનુ રોયલ્ટીનુ નુકસાન



ખેડા,

ખેડા, પંચમહાલ અને વડોદરાથી ૨૫૦થી વધારે કવોરી પ્લાન્ટ માલિકો બુધવારથી હડતાળ પર જશે. ગુજરાતમાં બંધ કરાયેલ કવોરી પ્લાન્ટ અને ખનીજ વિભાગના દિવસે દિવસે જટિલ બનતા નિયમો ઉધોગકારો આ બાબતે સરકારને વારંવાર રજુઆત કરતા કોઈ પ્રકારનુ નિરાકરણ નહિ આવતા અને એસો.દ્વારા દેવભુમિ દ્વારકા ખાતે મિટીંગ યોજી ૨ ઓકટો.થી ગુજરાતના કવોરી માલિકો હડતાળ પર ઉતર્યા છે.

ત્રણ જિલ્લાના સમગ્ર કવોરી માલિકો ગાંધી જયંતિના દિવસથી ૨૫૦ જેટલા યુનિટને બંધ કરશે. સાથે કવોરી પ્લાન્ટ સાથે સંકળાયેલા ૨૫૦૦થી વધારે ડમ્પરોના પૈડા થંભી જશે. જેને લઈ નજીકના માર્કેટના વેપાર–ધંધા પર પણ અસર થશે જેથી ભયંકર બેરોજગારી ઉભી થવાની છે. કવોરી માલિકોની માંગ છે કે, ખનીજ વિભાગ ઈ.સી.ના ફરજીયાત અમલ માટે ગુજરાતમાં લગભગ ૬૦ ટકા કવોરી લીઝના એ.ટી.આર.લોક કરતા રોયલ્ટી બંધ કરી દીધી છે. તે તમામ કવોરી લીઝો ચાલુ કરે અને વર્ષ–૨૦૨૨માં સરકાર સાથે થયેલ લેખિત સમાધાન મુજબના અન્ય પડતર પ્રશ્નોનુ નિરાકરણ ન આવે ત્યાં સુધી અચોકકસ મુદ્દતની હડતાળ શરૂ રહેશે.તહેવાર સમયે હડતાળ પડતા કવોરી ઉદ્યોગ સાથે જોડાયેલા પરીવહન કરતા હજારો વાહનો, મશીનરીના ઓપરેટરો, એકાઉન્ટરો અને વર્કરો સાથે ૧૦ હજાર જેટલા પરિવારોને સીધી અસર થશે.

# ગાંધી જયંતિ નિમિત્તે લુણાવાડા ગાંધી કુટીર ખાતે જિલ્લા કલેક્ટર નેહા કુમારીએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી



લુણાવાડા,

૨ જી ઓકટોબર ગાંધી જયંતિ નિમિત્તે મહીસાગર જિલ્લા મથક લુણાવાડા ગાંધી કુટીર ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને જિલ્લા કલેકટર નેહા કુમારી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરે રાષ્ટ્રપિતા ગાંધીજીની ૧૯૪૮માં બનાવેલ આ પ્રથમ સ્મૃતિ છે ત્યાં આજે પૂજ્ય બાપુને સ્મરણ કરી પુષ્પાંજલિ અર્પણ કરી છે ત્યારે મહાત્મા ગાંધીજીએ આપેલા આદર્શોના માર્ગે ચાલીને આપણે સૌ સાથે મળીને પ્રગતિમય ભારતનું નિર્માણ કરીએ. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલ, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિધાર્થ,લુણાવાડા રાજવી પરિવારના પુષ્પેન્દ્રસિંહજી,અગ્રણીઓ, સિનિયર સીટીઝન કલબના સભ્યો અને નાગરિકોએ ઉપસ્થિત રહ્યા હતા.

# તોયણી ગામે માસુમની હત્યાને લઈ દાહોદ જિલ્લા કોંગ્રેસ સેવા દળ દ્વારા દાહોદ નગરપાલિકા ચોક ખાતે ધરણા પ્રદર્શન કર્યુ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના તોયણી ગામે માસુમ ૦૬ વર્ષિય બાળકી સાથે થયેલ ધૃણાસ્પદ ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી દાહોદ જિલ્લા કોંગ્રેસ સેવા દળ દ્વારા દાહોદ નગરપાલિકા ચોક ખાતે ધરણા પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભારે સુત્રોચ્ચાર સાથે ભાજપની સરકાર સામે આકરા પ્રહારો પણ કરવામાં આવ્યાં હતાં.



સીંગવડના તોયણી ગામે ૦૬ વર્ષિય માસુમ બાળકી સાથે દુષ્કર્મના પ્રયાસ સાથે બાળકીનું મો દબાવી મોતને ઘાટ ઉતારનાર તોયણી ગામની પ્રાથમીક શાળાના આચાર્ય સામે સમગ્ર દાહોદ જિલ્લાની સાથે સાથે ગુજરાત રાજ્યમાં પણ ભારે આક્રોશ ફેલાયો છે. આચાર્યને સખ્તમાં સખ્ત સજા સાથે ફાંસીની માંગ પણ કરવામાં આવી રહી છે. ત્યારે આજરોજ ૨જી ઓક્ટોમ્બરને ગાંધી જયંતિના દિવસે દાહોદ જિલ્લા કોંગ્રેસ સેવા દળ દ્વારા દાહોદ નગરપાલિકા ચોક ખાતે માસુમ દિકરીને ન્યાય અપાવવા માટે ધરણા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના આગેવાનોના જણાવ્યાં અનુસાર, માસુમ દિકરી અને તેના પરિવારજનોને ન્યાય મળવો જોઈએ. આચાર્યને સખ્તમાં સખ્ત સજા સાથે ફાંસીની સજા આપવામાં આવે, જેવી માંગણીઓ સાથે ગુજરાતની ભાજપ સરકાર પર પણ આકરા પ્રહારો કરવામાં આવ્યાં હતાં. રાજ્યના મુખ્ય મંત્રીના રાજીનામાની પણ કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી હતી. કોંગ્રેસ દળના આધેવાનો તેમજ કાર્યકર્તાઓ દ્વારા ભારે સુત્રોચ્ચારો સાથે હાથમાં વિવિધ બેનરો સાથે ભાજપ સરકાર વિરોધી ભારે સુત્રોચ્ચારો કરી સરકારની નિતી અને રિતી સામે ભારે વિરોધ દર્શાવ્યો હતો.

# ઝાલોદના લીમડીમાં મહાદેવ મંદિર ઉપર અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવતા ચકચાર

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવેલ મહાદેવ મંદિરના શિખર પરથી એક અજાણ્યા વ્યક્તિનો કોહવાઈ ગયેલ હાલતમાં મૃતદેહ મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાને સ્થળે પહોંચેલ પોલીસે અજાણ્યા વ્યક્તિના વાલીવારસની શોધખોળની સાથે સાથે વ્યક્તિએ આત્મહત્યા કરી હશે પછી કોઈકે તેની હત્યા કરી હશે ? જેવા અનેક સવાલો સાથે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.

ઝાલોદના લીમડી નગરમાં મહાદેવ મંદિરની બાજુમાં નવરાત્રીના તહેવારને અનુલક્ષીને કામગીરી માટે આવેલા કામદારો દ્વારા મંદિર પર લાઈટો લગાવવા ચઢ્યાં હતાં. ત્યારે મંદિરના શિખર પર લાઈટો લગાવવાની કામગીરી દરમ્યાન એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ કોહવાઈ ગયેલ હાલતમાં નજરે પડતાં કામદારો ચોંકી ઉઠ્યાં હતાં. આ અંગેની જાણ મંદિર પરિસર સહિત આસપાસના લોકોને કરવામાં આવતાં લોકટોળા સ્થળ પર પહોંચી ગયાં હતાં. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે અજાણ્યા વ્યક્તિના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દઈ તેના વાલીવારસની શોધ હાથ ધરી છે ત્યારે આ અજાણ્યો વ્યક્તિ ક્યાંનો હશે ? અહીં કેવી રીતે આવી પહોંચ્યો હશે ? તેણે આત્મહત્યા કરી હશે કે પછી કોઈકે તેની હત્યા કરી અહીં ફેંકી દેવામાં આવ્યાં હશે ? જેવી અનેક ચર્ચાઓ વચ્ચે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે. નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુન: ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો. તેનાથી થોડી સ્થાયી સફળતા મળશે.

કર્ક: આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે. આજે કંઈક એવું બનશે કે જે તમારા દ્રષ્ટિકોણને બદલશે.

સિંહ: આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો. આગળ કોઈ સમય ના મળી શકે. આજે મહિલાઓને દરેક ક્ષેત્રમાં વિશેષ સફળતા મળશે.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઈચ્છા પ્રાપ્ત થશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલા: આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે. કેટલાક ખર્ચ પણ આમાં શક્ય છે.

વૃશ્ચિક: આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે.

ધન: આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. નજીકના મિત્રની સલાહ અને ટેકાથી તમે તમારા ખરાબ કાર્યોને પણ યોગ્ય રીતે કરી શકો છો, સમયનો લાભ લઈ શકો છો. આજે તમારે તમારા બાળકને લઈને કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવો પડી શકે છે.

મકર: આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે. પત્નીના સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવું. મહેમાનો અને અતિથિઓ પણ લાંબું રહેવાનું વિચારે છે અને તમારા પૈસા પણ તેમના પર ખર્ચ કરવામાં આવશે.

કુંભ: આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે. ભાગીદારો સાથે સાચી પ્રામાણિકતા અને સારી વાણી રાખીને તમે લોકોનું દિલ જીતી શકો છો.

મીન: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે. તમે ઘણા દિવસોથી જે કાર્યો વિશે વિચારતા હતા આજે તે કાર્યો પૂર્ણ થઈ શકે છે.

# સંતરામપુરના થાભા ગામે એક જ રાતમાં પાંચ બંધ મકાનોના તાળા તોડી તસ્કરોએ ચોરી કરી

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કરોનો ઉપદ્રવ વધ્યો છે. એક જ રાત્રિમાં પાંચ મકાનોમાં ચોરોએ સોના–ચાંદીના સહિત રોકડા રૂપિયા બે લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

સંતરામપુર તાલુકાના થાભા ગામે તા.૨૭મી એ રાત્રિના સુમારે ગામના પાંચ બંધ મકાનોના તાળા નકુચા તોડીને તસ્કરોએ ઘરમાં ઘુસી સરસામાન રફે દફે કરી તિજોરી અને કબાટમાંથી આશરે ૧૭ તોલાના સોના–ચાંદીના દાગીના અને રોકડા રૂ.૯ હજારની ઘરફોડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે થાભા ગામમાં રહેતા પટેલ કાનજીભાઈ દલાભાઈએ સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ઘટનાને પગલે પોલીસ ડોગ સ્કવોડ સાથે દોડી આવી એફએસએલની મદદથી તપાસ હાથ ધરી હતી.

GUJARAT STATE WAQF BOARD

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ ની કલમ ૩૬

વિષયઃ– ''સઆદત ચેરીટેબલ વકફ''

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી મીઠા મુસ્તાક અબ્દુલહકીમ મુ.પો. હમીરપુર, જી.પંચમહાલનાઓએ મજકુટ વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે પોતાની અંગત માલિકીની મિલ્કત અબ્દુલઅઝીઝ ઈબ્રાહીમ અલીઠા, ગોધરાનાઓ એ તેમની પોતાની જમીન વકફ (દાન) કરેબ છે. જે નીચે જણાવ્યા મુજબની વિગતો સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામાં દરખાસ્ત કરેલ છે.જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| પોતાની અંગત મિલ્કત વકફ(દાન) કરનારનું નામ | ગામ/મુ.પો/ઠે | જીલ્લો અને તાલુકો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં/મિલ્કત નં. | ચો.મી |
|---|---|---|---|---|---|
| અબ્દુલ અઝીઝ ઈબ્રાહીમ અલીઠા | મુ.પો. હમીરપુર, | તા.ગોધરા, જી.પંચમહાલ. | ખુલ્લી જમીન રહેણાંક હેતુસરની જમીન | સીટી સર્વે નં.એનએ ૧૧/૧૮ | ૧૦૩ |

ઉકત જણાવેલ વાકિફે વકફ કરેલ સ્થાવર મિલ્કત વડફ અધિનિયમ ૧૯૯૫ અને વડફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યકિત કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન–૭ માં ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉકત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એ.એચ.મનસુરી)
મુખ્ય કારોબારી અધિકારી(I/C),
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર.

# ઝાલોદ તાલુકાના આઈ.સી.ડી.એસ શાખા દ્વારા સ્થાપના દિન અને ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી

ઝાલોદ,

આજરોજ ઝાલોદ તાલુકાના આઈ.સી.ડી.એસ. શાખાના સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીના માર્ગદર્શન થી તમામ આંગણવાડી કેન્દ્રો પર આઈ.સી.ડી.એસ સ્થાપના દિવસ તેમજ ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી જેમાં બાળકોને ગાંધીજીના વેશભૂષા કરાવવામાં આવી અને સ્થપના દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ઝાલોદ તાલુકાના સી.ડી.પી.ઓ નીલુંબેન ,ાતય ઈન્ટકતર, મુખ્ય સેવિકા, વાલીઓ ઉપસ્થિત રહી ઉજવણી કરી બાળકોમાં હર્ષોલ્લાસ વધારવામાં અને સ્વચ્છતા વિશે માતાઓને સમજ આપવામાં આવી હતી.

રોટરી કલબ ગોધરાના પ્રમુખ રોટે. નરેશ સેવાણી, મંત્રી રોટે. અરવિંદ સી બારીઆ અને ખજાનચી રોટે. ભવાની ત્રિપાઠીના નેતૃત્વમાં રોટરી કલબ ગોધરાના ઉપક્રમે આ વર્ષે પણ તારીખ ૩ ઓક્ટોબર, આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધી શારદા મંદિર હાઈ સ્કૂલ, બામરોલી રોડ, ગોધરા ખાતે તમામ બાળકો માટે અડુકિયો દડુકિયો ગરબા મહોત્સવ યોજવામાં આવ્યો છે. આ મહોત્સવમાં જાણીતા ગાયક જયેશ શ્રીમાળી અને તેમનું ગ્રુપ ગરબાની રમઝટ મચાવશે. અદ્ભુત રોશની અને શક્તિશાળી સાઉન્ડ આ મહોત્સવમાં ચાર ચાંદ લગાડી દેશે. ગરબે રમનાર બધા બાળકોને ભેટ આપવામાં આવનાર છે.૩ તારીખે જિલ્લા કલેકટરના વરદ હસ્તે આ મહોત્સવનું ઉદ્દઘાટન થશે ત્યાર બાદ જિલ્લાના અગ્રણી નેતાઓ અને સામાજિક આગેવાનો મહોત્સવની મુલાકાત લેનાર છે. ૬ તારીખે રોટરી district ૩૦૪૦ ના ગવર્નર શ્રી અનીશ મલિકજી રોટરી કલબ ગોધરાના બાળકો માટેના ગરબા મહોત્સવનું અવલોકન કરવા માટે ખાસ ઈન્દોરથી પધારી રહ્યા છે. રોટરી કલબ ગોધરાપરિવાર ના અડુકિયો દડૂકિયો ગરબા મહોત્સવમાં તમામ બાળકો તથા વાલીઓને નિઃશુલ્ક પ્રવેશ છે, વાલીઓને બેસવા માટે વ્યવસ્થા કરવામાં આવનાર છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત

**વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024માં આપ સૌનું હાર્દિક સ્વાગત છે**



# ચાલો ઉજવીએ, વિશ્વનો સૌથી લાંબો અને ગુજરાતનો સૌથી ભવ્ય ગરબા મહોત્સવ

-: ઉદ્‌ઘાટન :-

**શ્રી અમિતભાઈ શાહ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના વરદ્‌હસ્તે

-: વિશેષ ઉપસ્થિતિ :-

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

3 ઑક્ટોબર, 2024 સાંજે 8:00 વાગ્યાથી

ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા પાસે, અમદાવાદ



Vibrant Navratri Festival 2024

3rd to 11th OCTOBER | GUJARAT UNIVERSITY GROUND, AHMEDABAD

unesco
INTANGIBLE CULTURAL HERITAGE

## કાર્યક્રમ

**ઉદ્‌ઘાટન સમારોહ**
3 ઑક્ટોબર, 2024, "જય મા આદ્યશક્તિ"ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાઆરતી

**શેરી ગરબા**
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 09.00 થી 11:45 વાગ્યા સુધી (પરંપરાગત પહેરવેશ ફરજિયાત)
જાણીતા કલાકારો દ્વારા મુખ્ય મંચ પર પ્રસ્તુતિ

**મહાઆરતી**
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 11:45 વાગે

**અન્ય મુખ્ય આકર્ષણો**
3 થી 11 ઑક્ટોબર, 2024, સાંજે 05:00 થી રાત્રીના 12:00 વાગ્યા સુધી
થીમ પેવેલિયન | હસ્તકલા બજાર | ફૂડ સ્ટૉલ | બાલ નગરી | થીમેટિક ગેટ્સ | વિવિધ ઇન્સ્ટોલેશન

Gujarat Tourism

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લૉક નંબર 16, ચોથો માળ, સેક્ટર-11, ગાંધીનગર - 382 010
**ટોલ ફ્રી નંબર:** 1800 203 1111 | **વેબસાઇટ:** www.gujarattourism.com

વધુ વિગતો માટે QR સ્કૅન કરો

(જાહેર જનતા માટે નિઃશુલ્ક પ્રવેશ)

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલ બાસ્કાના સર્વે નં.-૩૪૫/૧/૧ વાળી કરોડો રૂપિયાની જમીન મિતુલ શાહ અને શાહનવાઝ જમાલ દ્વારા પચાવી પાડવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો

## જિલ્લા પોલીસ વડાને ૮ આરોપી સામે ગુનો નોંધવા લેખિત રજુઆત

**પંચમહાલસમાચાર**

હાલોલ તાલુકાના બાસ્કા ખાતે આવેલ સંયુકત માલિક અને કબ્જાવાળી બિનખેતી રે.સર્વે.નં.૩૪૫/૧/૧ હે.આર.ચો.મી.૧-૧૯-૪૭ આકાર રૂ.૨૯૮૬.૭૫ વાળી જમીન ડો.રમેશચંદ્ર મગનલાલ ઠકકર તથા ડો.સુર્ય રમેશચંદ્ર ઠકકરના ક.મુ.ભાલચંદ ગોહિત પાસેથી રજી. દસ્તાવેજ નં.૧૩૬૧ તા.૧૪/૧૦/૧૯૯૯થી વેચાણ રાખેલ ત્યારથી જમીન મહંમદ ઉમર અબ્દુલ રઝાક ખાન તથા સંયુકત માલિકાના કુલમુખ્યતાર જમીનના કબ્જો ભોગવટો કરતા આવેલ હોય આ બિન ખેતી જમીન ઔદ્યોગિક હેતુસરની હોય તેની બજાર કિંમત કરોડો રૂપિયા થઈ જાય છે. ફરિયાદી મુંબઈ ખાતે રહેતા હોય વેચાણ કરી તેના નાણાં મુંબઈ મુકામે ધંધામાં રોકાણ કરવાનુ નકકી કરેલ હોય જેને લઈ અમારા સંયુકત નામે માલિક નામે ઉસ્માન ખાન બાસ્કા મુકામે જમીન ગોડાઉન બનાવી ધંધો કરતા હોઈ તેમને સદર જમીન વેચાણ કરવા સારા વ્યકિતને જમીન વેચાણ કરવા જમીન દલાલો કરવા જણાવેલ હોય આરોપીઓ શાહનવાઝ, ભાગીદાર મિતુલશાહને સાથે રાખી જમીન વેચાણ રાખવા લોભામણી વાતો કરી હતી. જમીન વેચાણ કરવા અંગે સંયુકત માલિકો સાથે ફયોન ઉપર ખાતે કરી ઉસ્માનખાન અને બીજા વ્યકિત મુંબઈ ખાતે આવેલ હતા. જમીન વેચાણ કરવા માટે જમીન રૂપિયા ૩૭૦/-સ્કવેર ફુટના વેચાણ રાખવાનુ નકકી થયેલ જમીનના સ્કવેર ફુટના ૩૭૦/-રૂ.પ્રમાણે રૂ.૪,૪૭,૭૦,૦૦૦/-પુરા નકકી કરેલ હતા. ૨૫ લાખ રૂપિયા બાનાખત વખતે ચુકવવાનુ નકકી થયેલ. હજુ તા.૨૦/૧૨/૨૦૨૧ના રોજ ૫૦,૦૦,૦૦૦/-ચુકવવાનો વિશ્વાસ આપેલ હતા. તા.૩ ડિસેમ્બર ૨૦૨૧ના ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ જમાલ શાહનવાઝ અનવરના નામે અને તેના નામ વેચાણ બાનાખત તૈયાર કરેલ હતુ. લખાણ મુજબ ૨૦/૧૨/૨૦૨૧ ના ૭૫,૦૦,૦૦૦/-રૂ.ચુકવવા માટે વિશ્વાસ આપેલ હતો. તે રૂપિયા ચુકવવા માટે ખોટા ખોટા વાયદા કરી સમય વિત્યો હતો. આરોપી ઈસમોએ બાનાખતના આધારે ત્રાહિત ઈસમોને વેચાણ કરવાની પેરવીમાં હોય આરોપી ઈસમો શાહનવાઝ અનવર જમાલ, મિતુલકુમાર રાજેશકુમાર શાહ, ઈસ્માનગની અબ્દુલ રહીમ બેલી, ફુલારામ મુળાજી મારવાડી, ફાતેમા ખુજેમા કાનપુરવાલા, શહેનાઝ વજીયુદ્દીન પ્રેસવાલા, ઈસ્માઈલ નુરૂદ્દીન પેટન્ટ, સંજયભાઈ પ્રેમજીભાઈ પટેલ, તમામ મળી કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવાના ગુનામાં ફરિયાદ નોંધાવવા માટે જિલ્લા પોલીસ વડાને લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી.

# પાવાગઢ યાત્રાધામ ખાતે નવરાત્રીના આગલા દિવસે દોઢ લાખ યાત્રાળુઓ પહોંચ્યા : એસ.ટી.બસની મર્યાદિત રૂટને લઈ યાત્રાળુઓ અટવાયા

**-માંચી ખાતે ખાનગી વાહનોનુ પાર્કિંગ બંધ કરવા તળેટીમાં વાહનોનો જમાવડો**

**-પાવાગઢ તળેટી સુધી પહોંચતા તમામ રસ્તાઓ બેરીકેટીંગ કરી બંધ કરાયા**



હાલોલ,

શક્તિપીઠ પાવાગઢ યાત્રાધામ ખાતે આસો નવરાત્રીના આગલા દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. માંચી ખાતે વાહન પાર્કિંગ બંધ કરી દેવામાં આવેલ હોય જેને લઈ તમામ વાહનો ખાનગી વાહનો તળેટીમાં જમાવડો થતાં પોલીસ દ્વારા પાવાગઢ તળેટી સુધી પહોંચવાના તમામ માર્ગો સવારથી બેરીકેટીંગ કરી બંધ કરવામાં આવ્યા હતા. તો બીજી તરફ એસ.ટી.બસની સુવિધા વગર દર્શનાર્થે આવેલ યાત્રિકો અટવાયા હતા.

પાવાગઢ યાત્રાધામ ખાતે આસો નવરાત્રીમાં શક્તિપીઠ ખાતે મહાકાળી માતાજીના દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓની સુવિધાને લઈ પંચમહાલ જિલ્લા કલેકટર દ્વારા ખાનગી વાહનોને તળેટી સુધી પ્રવેશવા દેવાને લઈ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે. નવરાત્રીના આગલા દિવસે વહેલી સવારે દોઢ લાખથી વધુ શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન માટે પહોંચ્યા હતા. જેને લઈ પાવાગઢ તળેટી ખાતે ખાનગી વાહનોને લઈ ચકકાજામની સ્થિતિ સર્જાઈ હતી. જેને લઈ પાવાગઢ પોલીસ દ્વારા તળેટી સુધી પહોંચવાના તમામ પાંચ પોઈન્ટ બેરીકેટિંગ કરીને બંધ કરવામાં આવ્યા હતા. જયારે બીજી તરફ તળેટી સુધી પહોંચેલા યાત્રાળુઓની ખાનગી કાર અને વાહનોનુ માંચી ખાતે પાર્કિંગ બંધ કરી દેવાતા ફરજીયાત તળેટીમાં પાર્ક કરવા પડ્યા હતા. એસ.ટી.વિભાગ દ્વારા નવરાત્રીના પહેલા દિવસથી એસ.ટી.બસની સુવિધમ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે પરંતુ નવરાત્રીના આગલા દિવસે પાવાગઢ ખાતે દોઢ લાખ ઉપરાંત શ્રદ્ધાળુ દર્શનાર્થી ઉમટી પડ્યા હતા. જેને લઈ તમામ મુસાફરોને માંચી સુધી બસમાં મુસાફરી કરવાની હોય એસ.ટી.બસ ખુટી પડી હતી. સવારે માંચી ખાતે પહોંચી માતાજીના દર્શન કરી પરત ફરેલા યાત્રાળુઓ માંચી ખાતે યાત્રાળુઓ મર્યાદિત એસ.ટી.બસના રૂટને લઈ યાત્રાળુઓ અટવાઈ પડ્યા હતા.

# વડોદરા હરણી પોલીસ મથકના ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપીને શહેરાના શેખપુર ગામેથી પેરોલ સ્કવોર્ડે ઝડપ્યો

શહેરા,

વડોદરા હરણી પોલીસ મથકના ચોરીના ગુનામાં વોન્ટેડ શેખપુર મુવાડી શહેરા અંગે પેરોલ ફલો સ્કવોર્ડે બાતમી મળેલ હોય બાતમીના આધારે શેખપુર મુવાડી ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકાના શેખપુર મુવાડી ફળિયામાં રહેતા આરોપી સામંતસિંહ જુવાનસિંહ રાઠોડ સામે વડોદરા હરણી પોલીસ મથકે ચોરીનો ગુનો નોંધાયેલ હોય અને ચોરીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપી હોય અંગે પેરોલ સ્કવોર્ડને મળેલ બાતમીના આધારે શેખપુર મુવાડી ગામેથી ઝડપી પાડી હરણી પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

# શહેરા ના ટીમ્બા પાટિયા થી કાંકણપુર તરફ જતા માર્ગમાં મસમોટા ખાડા પડી જતાં વાહનચાલકો પરેશાન



શહેરા,

શહેરાના ટીમ્બા પાટિયા થી કાંકણપુર તરફ જતા માર્ગમાં મસમોટા ખાડા પડી જતાં વાહનચાલકોને અકસ્માતનો ભય રહેતો હોય છે. આ રસ્તા પર મોટા ખાડામાં વૃક્ષની ડાળીઓ મૂકવા સાથે રસ્તાની મરામતની માંગ વાહન ચાલકો કરી રહ્યા હતા.

શહેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસા સીઝન દરમ્યાન અમુક રસ્તાઓ પર ઠેરઠેર ખાડા પડી ગયા છે, ટીમ્બા પાટિયા થી કાંકણપુર થઈને અમદાવાદ તરફ જતાં માર્ગ પર તાડવા પાસે મસમોટા ખાડા પડી જતાં વાહન ચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે.,આ માર્ગ પર મસમોટા ખાડા પડી જતાં તે ખાડામાં પાણી ભરાઈ રહેતું હોવાથી ત્યાંથી પસાર થતાં વાહનચાલકોને રસ્તા પર ખાડા છેકે નહીં તેનો ખ્યાલ આવતો નથી, જોકે રસ્તા પર પડેલા મસમોટા પડી ગયેલા ખાડાઓના કારણે બાઈક જેવા વાહનો પડી જવાના પણ બનાવો બન્યા હોવાનું જાણવા મળી રહયુ હોવા સાથે વાહનચાલકોને અકસ્માતનો પણ ભય સતાવી રહ્યો છે, આ માર્ગ પર પડેલા ભૂવામાં વાહનચાલકો ન પડે તે માટે વૃક્ષની ડાળો મુકવામાં આવી છે, ટીંબા પાટીયા થી કાંકણપુર થઈને સેવાલિયા જતાં માર્ગ પર પડેલા ખાડા પુરવામાં આવે અને માર્ગની મરામત કામગીરી કરવામાં આવે તેવી માંગ આ વિસ્તારના સ્થાનિકો અને વાહનચાલકો કરી રહ્યા છે.

# કાલોલ કોંગ્રેસ પરિવાર દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી



કાલોલ,

કાલોલ કોંગ્રેસ પરિવાર દ્વારા આજરોજ તારીખ ૨- ૧૦-૨૦૨૪ ને બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કોંગ્રેસ હાઉસ સરદાર ભવન કાલોલ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને ભારતના પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજી ની જન્મ જયંતી નિમિત્તે શત શત નમન સહ શ્રદ્ધા સુમન નો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં કાલોલ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભુપેન્દ્રસિંહ ખેર કાલોલ તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી કિરણભાઈ પરમાર પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના એસસી સેલના ઉપપ્રમુખ રાજુભાઈ પરમાર કાલોલ કોંગ્રેસ પરિવારના વરિષ્ઠ આગેવાનો ચંદ્રસિંહ સોલંકી (દાજી) તથા ખ્રિસ્તી સાહેબ કાલોલ તાલુકા યુવા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સંજયસિંહ રાઠોડ કાલોલ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ ગજેન્દ્રસિંહ ઠાકોર તેમજ કાલોલ કોંગ્રેસ પરિવારના મિત્રો કાર્યક્રમમાં હાજર રહ્યા.

# લોક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ હેઠળ યોજાયેલ સ્પર્ધામા કરુણેશ વિદ્યામંદિર સગનપુરાના વિદ્યાર્થીઓ ચમક્યા

કાલોલ,

શિવરાજપુર ખાતે લોક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ હેઠળ વિવિધ વિભાગોની યોજાયેલ વિવિધ સ્પર્ધા જેવી કે વકૃત્વ સ્પર્ધા , ક્વિઝ સ્પર્ધા , પોસ્ટર મેકિંગ સ્પર્ધા એમ વિવિધ સ્પર્ધાઓમા કાલોલ તાલુકાના સગનપુરાના કરુણેશ વિદ્યામંદિર ના વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આશરે ૪૩ જેટલી શાળાના વિદ્યાર્થિઓ આ સ્પર્ધામા ભાગ લેવા માટે ઉપસ્થિત રહ્યા હતા. જેમાથી કરુણેશ વિદ્યામંદિરની ધોરણ-૧૨ની બે વિદ્યાર્થીનીઓ પરમાર રાગીણીબેન અને પરમાર મીનાક્ષીબેન બહુ જ સુંદર પ્રદર્શન કરીને ક્વિઝ સ્પર્ધા દ્રીતીય ક્રમ પ્રાપ્ત કરીને શાળાનુ નામ રોશન કર્યુ હતુ. વકૃત્વ સ્પર્ધામા શાળાની ધોરણ-૧૨ની વિદ્યાર્થી પરમાર હરેશ્વરીબેન અને પોસ્ટર મેકિંગ સ્પર્ધામા ધોરણ-૧૦ના વિદ્યાર્થી પરમાર ચિંતનકુમારે પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતુ. વિજેતા થયેલા વિદ્યાર્થીઓને આયોજક સંસ્થા દ્વારા વિવિધ ઈનામો , પ્રમાણપત્રો આપીને તેમનુ બહુમાન કરવામા આવ્યુ હતુ જે શાળા માટે ખુબ જ ગૌરવપુર્ણ બાબત હતી. આ સ્પર્ધા માટે વિદ્યાર્થીનીઓને શાળાના શિક્ષિકા શ્રદ્ધાબેન અને શાળાના આચાર્યશ્રી દ્વારા સુંદર માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ. શાળા મંડળ પરીવારે વિજેતા વિદ્યાર્થીઓ તથા તેમને માર્ગદર્શન આપનાર શિક્ષકોનુ અભિવાદન કર્યુ હતુ.

# હાલોલમાં વ્યાજખોરથી કંટાળીને ૪૪ વર્ષિય વ્યકિત ચાર દિવસથી ઘર છોડી ગુમ થયા

હાલોલ,

હાલોલ શહેરમાં વ્યાજખોરીના ચકકરમાં ફસાયેલા ૪૪ વર્ષના આધેડે છેવટે ચિઠ્ઠીમાં દેવાદાર બન્યો હોવાથી વ્યાજખોરીથી કંટાળીને ઘરેથી જતો રહ્યો છે. પાછલા ૪ દિવસથી ઘરેથી લાપતા બનતા ચિંતામાં મુકાયેલા પરિવારે સમગ્ર મામલે હાલોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

હાલોલ નગરના રામદેવ મંદિર વિસ્તારમાં આવેલી ધવલપાર્ક સોસાયટીના રહિશ મિતેશભાઈ બાલકૃષ્ણ ઠકકરે હાલોલ પોલીસ મથકે આપેલ જાણવા જોગ જાહેરાતની વિગતો અનુસાર ધવલપાર્ક સોસાયટીમાં જ રહેતા તેમના ૪૪ વર્ષના નાનાભાઈ ભાવેશભાઈ બાલકૃષ્ણ ઠકકર ગત ૨૬ સપ્ટે.થી રાત્રે પરિવાર સાથે સુઈ ગયા પછી સવારે પથારીમાં જોવા મળ્યા ન હતા. જોકે તેમની પત્નિને ઘરમાંથી ચિઠ્ઠી મળી આવી હતી આ ચિઠ્ઠીમાં ભાવેશભાઈ ઠકકરે ''હું દેવાદાર બની ગયો છુ લેણદારો(વ્યાજખોરો)થી કંટાળીને ઘર છોડીને જાઉ છુ મને માફ કરજો'' તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેથી ચિઠ્ઠીના આધારે ચિંતાતુર બનેલા પરિવારજનોએ નાનાભાઈની શહેરની આસપાસ તેમજ સગા સંબંધિઓમાં તપાસ કરવા છતાં પાછલા ૪ દિવસથી કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી સમગ્ર મામલે પરિવારજનોએ હાલોલ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચિઠ્ઠીના આધારે કોઈ અનીચ્છનીય પગલુ ન ભરે જેથી આ સંદર્ભે તપાસ હાથ ધરી છે.

# વેજલપુર ગ્રામ પંચાયતમાં ગ્રામસભાનુ આયોજનમાં મુખ્ય અધિકારી હાજર ન રહેતા ગ્રામસભા મોકુફ કરવાની ફરજ પડી

વેજલપુર,

૨ ઓકટોબર ગાંધી જયંતી નિમિત્તે દરેક ગુજરાતના દરેક ગામોની પંચાયતમાં ખાસ ગ્રામસભાનું આયોજન કરવાનું નક્કી કરેલ છે. આ ગ્રામસભા સ્પેશિયલ હશે જેની નોંધ ઉપર સુધી લેવાશે. પરિપત્ર મુજબના નક્કી કરેલા મુદ્દાઓની ચર્ચાઓ થશે. જેમા શિક્ષણ, જમીન, આરોગ્ય, મનરેગા, સરકારી દુકાન કે જે તે ગામના પ્રશ્નો હોય તેની ચર્ચા થવી જોઈએ.મોટાભાગે ગ્રામજનોની એ ફરિયાદ હોય છે કે ગ્રામસભા ક્યારે ભરાઈ જાય છે એની અમને ખબર જ હોતી નથી ત્યારે વેજલપુર ગ્રામ પંચાયતમાં તો કંઈક અલગ જ ગ્રામ સભા જોવા મળે છે ત્યારે આજ રોજ યોજાયેલ ગ્રામ સભામાં વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી તેમજ સભ્યોજ ગેરહાજર જોવા મળિયા હતા તેમજ જે અધિકારીના અધ્યક્ષ સ્થાને થી ગ્રામ સભા યોજાવાની હતી તેજ તાલુકા કક્ષાના પશુ દવાખાના પશુ ચિકિત્સક અધિકારીજ ગેરહાજર જોવા મળ્યા હતા તેમજ વેજલપુર ગ્રામ પંચાયતના જવાબદાર અધિકારી તલાટી ક્રમ મંત્રી આર.સી.ભોઈ પણ ગેરહાજર જોવા મળ્યા હતા ત્યારે વેજલપુર ગ્રામ પંચાયતમાં ગ્રામ સભામાં સરપંચ તેમજ આંગણવાડી કાર્યકર તેમજ આશાવર્કર હજાર હતા અને ગ્રામ પંચાયતના રેવન્યુ તલાટી આર.ડી.પટેલ તેમજ તાલુકા પંચાયતના સભ્ય હાજર હતા તેમજ વેજલપુર ગ્રામ પંચાયતમાં ગ્રામ સભામાં અમુક જાગૃત ગ્રામ જનો પણ હાજર રહ્યા હતા ત્યારે ગ્રામ સભામાં જવાબદાર અધિકારઓની ગેરહાજરી જોવા મળતા ગ્રામ જનોએ હોબાળો મચાવ્યો હતો અને ગ્રામ સભાના નીતિ નિયમ મુજબ ગ્રામ સભાનું કોરમ પૂરું ના થતા અને અધિકારીઓ ગેરહાજર રેહતા આજ રોજ યોજાયેલ ગ્રામ સભા મોકૂક રાખવામાં આવી હતી ત્યારે અગાઉ અમુક જે સભ્યો સામાન્ય સભા અને ગ્રામ સભામાં વિરોધ કરતા હતા તે સભ્યો પણ આજે ખાસ ગ્રામ સભામાં જોવા મળ્યા નોહતા ત્યારે આ સભ્યો સામે પણ અનેક પ્રશ્નો ગ્રામજનોએ ઉભા કર્યા હતા ત્યારે ૧૪ સભ્યો માંથી ગ્રામ સભામાં એક પણ સભ્ય ફરકયો નોહતો તો આવા સભ્યો શુ તેમના વિસ્તારના કામો કરતા હશે તેવા પણ પ્રશ્નો લોક મુખે સાંભળવા મળ્યા હતા

# પાવાગઢ દર્શનાર્થે આવેલ મધ્યપ્રદેશના બાળકને બસમાં પછડાતા નાની-મોટી ઈજાઓ થતાં સારવાર માટે ખસેડાયો



હાલોલ,

મધ્યપ્રદેશના ખાનદાન બુઝર્ગ ખાતેથી હીરાલાલ દાવર પોતાના પરિવારજનો સાથે પાવાગઢ ખાતે માતાજીના દર્શને આવ્યા હતા જેમાં આજે બુધવારે બપોરે ૧૨:૦૦ થી ૧૨:૩૦ વાગ્યાના અરસામાં હીરાલાલ દાવર પોતાના ચાર વર્ષીય પુત્ર વિજય દાવર સહિત પોતાના પરિવારજનો સાથે માતાજીના દર્શન કરી સરકારી એસ.ટી. બસમાં બેસી માચી ખાતેથી પાવાગઢની તળેટી ખાતે આવી રહ્યા હતા તે દરમિયાન બસમાં મુસાફરોના સામાન મુકવાની રેકમાં મૂકેલ સામાનમાંથી કોઈ ધારદાર વસ્તુ અચાનક જ અકસ્માતે સામાનમાંથી પડી બસમાં મુસાફરી કરી રહેલા ચાર વર્ષના વિજય દાવરના માથામાં આવીને પડતા ધારદાર વસ્તુ વિજયના માથામાં વાગતા તેના માથામાંથી લોહી નીકળવા લાગતા પરિવારજનો પોતાના ચાર વરસના પુત્રની હાલત જોઈ ગભરાઈ ગયા હતા અને બૂમાબૂમ કરી મૂકી હતી જેમાં બનાવવાની જાણ ફરજ હાજર પાવાગઢ પોલીસના કર્મચારી મારુતિ રાઠોડ અને સુનિલ શર્માને થતા બંને કર્મચારીઓ તાત્કાલિક એસ.ટી બસ ખાતે દોડી આવ્યા હતા અને પરિવારજનોને આશ્વાસન આપી મામલો સંભાળ્યો હતો અને પાવાગઢ પોલીસ મથકના પી.આઈ. એ.બી.વોરા અને પીએસઆઈ આર જે જાડેજા ની સૂચના અને માર્ગદર્શન હેઠળ તાત્કાલિક પોલીસ કર્મચારી મારુતિસિંહ રાઠોડ ઈજાગ્રસ્ત બાળક વિજય દાવરને હાલોલની એક ખાનગી હોસ્પિટલ ખાતે લઈને દોડી આવ્યા હતા જ્યાં બાળકની સારવાર હાથ ધરાઈ હતી જોકે સદનસીબે ચાર વર્ષીય બાળક વિજયને ધારદાર વસ્તુ માથામાં વાગવાના કારણે કોઈક મોટી ઈજા ન પહોંચી હોવાનું પ્રાથમિક સારવાર દરમિયાન જાણવા મળ્યું હતું જેને લઈને પરિવારજનોએ હાશકારો અનુભવી મહાકાળી માતાજીનો ઉપકાર માન્યો હતો અને સાથે સાથે પાવાગઢ પોલીસનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

# શહેરા તાલુકાના ધાયકા ગામના મુડીયા ફળિયામાં માં રસ્તો નહિ હોવાથી ત્યાં રહેતા ગ્રામજનોને અવરજવરમાં ભારે તકલીફ

શહેરા,

શહેરા તાલુકાના ધાયકા ગામના મુડીયા ફળિયામાં માં રસ્તો નહિ હોવાથી ત્યાં રહેતા ગ્રામજનોને અવરજવરમાં ભારે તકલીફ પડી રહી છે. પાછલા દસ વર્ષથી અવર જવરનો રસ્તો બને તે માટે અનેક રજૂઆતો અહીના જાગૃત ગ્રામજનદ્વારા કરાઈ હતી.શહેરા તાલુકાના ધાયકા ગામના મૂડીયા ફળિયામાં રસ્તો નહીં હોવાથી આ ફળિયાના લોકોને અવરજવરમાં ભારે તકલીફ પડી રહી છે.મુડીયા ફળિયા થી ડામર રસ્તા સુધી આવવુ હોય તો ખેતરમાં થઈને એક કિલોમીટર સુધી ચાલીને આવવું પડતું હોય છે. રસ્તાની સમસ્યાને લઈને અહીના અંદરસિંહ બારીયા, ચંદ્રસિંહ સોલંકી અને સોલંકી બળદેવસિંહ દ્વારા પાછલા કેટલાક વર્ષોથી ગ્રામ પંચાયત કચેરી સહિત અનેક જગ્યાએ રજૂઆતો કરવામાં આવી હતી, લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષોના કાર્યકર્તાઓ મૂડીયા ફળિયામાં પ્રચાર કરવા જતા હોય ત્યારે તે સમયે જાગૃત ગ્રામજનો દ્વારા આ રસ્તાને લઈને રજૂઆત કરતા હોય ત્યારે ચૂંટણી પૂરી થયા પછી રસ્તો બને એવું કરીશું આ શબ્દો સાંભળતા અહીના લોકોને રસ્તો બનશે એવી આશા બંધાતી હોય પરંતુ આ રસ્તો હજુ સુધી નહી બનતા આ ફળિયામાં રહેતા લોકોમાં આ સામે નારાજગી પણ જોવા મળે તો નવાઈ નહી,ચોમાસામાં આ ફળિયામાં રહેતા લોકોને કાદવ કીચડમાં ચાલીને નીકળતા હોય ત્યારે ઝેરી જનાવર કરડી જવાનો પણ ભય રહેતો હોવા સાથે ના છૂટકે કામ હોય તોજ અહીંના લોકો બહાર નીકળતા હોય છે. મૂડીયા ફળિયામાં રહેતા અનેક લોકો પાસે બાઈક સહિતના વાહનો હોય તે પણ બીજાના ઘરે મૂકીને એક કિલોમીટર સુધી પગપાળા પોતાને ઘરે આવું પડતું હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ ફળિયામાં રસ્તો બને એ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે એવી આશા આ મુડીયા ફળિયાના રહીશો રાખી રહ્યા હતા. આ રસ્તાની સમસ્યા હલ નહી થાય તો આ ફળિયાના જાગૃત ગ્રામજનો ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને રસ્તો વહેલી તકે બને તે માટે રજૂઆત કરશે




# ગાંધી જયંતિ નિમિત્તે ગોધરા બી.આર.જી.એફ. ભવન ખાતે સ્વચ્છતાં હી સેવાના કાર્યક્રમમાં વડાપ્રધાનના લાઈવ ભાષણમાં પાલિકા પ્રમુખ ઉંઘતા કેમેરામાં કંડારાયા

ગોધરા,

ગોધરાના બીઆરજીએફ ભવન ખાતે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતાં હી સેવા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ સ્વચ્છતાં અંગે એલસીડી ઉપર ભાષણ ચાલી રહ્યુ હતુ ત્યારે ધારાસભ્યની બાજુમાં બેઠલ ગોધરા પાલિકાના પ્રમુખ ઉંઘતા કેમેરામાં કેદ થયા હતા.

ગોધરામાં ૨જી ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિત્તે બીઆરજીએફ ભવન ખાતે સ્વચ્છતાં હી સેવા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ સ્વચ્છતાં અંગેનુ એલસીડી ઉપર ભાષણ ચાલી રહ્યુ હતુ. વડાપ્રધાનના સ્વચ્છતાં અંગેનુ ભાષણ તમામ સાંભળી રહ્યા હતા ત્યારે ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજીની બાજુમાં પાલિકાના પ્રમુખ જયેશ ચૌહાણ બેઠા હતા અને વડાપ્રધાનના લાઈવ કાર્યક્રમ દરમિયાન ઉંઘતા કેમેરામાં કંડારાયા હતા. પાલિકા પ્રમુખ જાણે શહેરની સ્વચ્છતા રોડ-રસ્તાની બાબતે ગંભીર ચિંતામાં આંખો બંધ કરી કંઈ વિચારતા હશે તેમ પણ કહી શકાય છે.



Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.37